BUSINESS મિત્ર

હેવીવેઇટ શેરોમાં વેલ્યુ બાઇંગથી સેન્સેક્સ 939 પોઇન્ટ ઉછળ્યો

સતત ત્રણ દિવસના ઘટાડાને બ્રેક: શેરબજારમાં શાનદાર રિકવરી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 16: વિતેલા સપ્તાહમાં હેવીવેઇટ શેરોમાં ભારે કડાકા બાદ આ સપ્તાહની શરૂઆતમાં જ હેવીવેઇટ શેરોમાં વેલ્યુ બાઇંગ જોવા મળ્યું હતું. ખાસ કરીને ક્રુડ ઓઇલના ભાવ 100 ડોલરને પાર નીકળ્યા હોવાથી ઓટો સેકટરમાં મોટો ઝટકો આવ્યો હતો, પરંતુ તેને પચાવી લઇને આજથી ઓટો સેકટરમાં રીકવરી શરૂ થતી જોવા મળી છે. હેવીવેઇટ શેરોની ખરીદીના પગલે નિફ્ટીએ 23400 પોઇન્ટની સપાટી કુદાવી દીધી હતી. જોકે, બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો રહ્યો હતો, જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નેગેટિવ જ રહ્યું હતું.

સેકટર વાઇઝ જોઇએ તો ઓટો અને પ્રાઇવેટ બેન્ક શેરોમાં જોરદાર ખરીદી રહી હતી, જ્યારે એફએમસીજી સેકટરમાં નીચલા સ્તરેથી રીકવરી રહી હતી, જ્યારે ઓઇલ એન્ડ ગેસ તથા ફાર્મા અને રિયલ્ટી શેરમાં વેચવાલી ચાલુ રહી હતી.

મેક્રો ઇકોનોમી દ્રષ્ટિએ જોઇએ તો મીડલ ઇસ્ટના તણાવના લીધે નિકાસને ફટકો પડી રહ્યો છે. જોકે, આ સપ્લાય ચેઇનના ખોરભાતા આ સ્થિતિ સર્જાઇ છે, જે રીકવર થઇ જવાની સંભાવના છે. આ તણાવના લીધે જથ્થાબંધ ફુગાવો પણ ફેબ્રુઆરીમાં વધ્યો છે. જે 2 ટકાની ઉપર નીકળી ગયો છે અને 2.13 ટકા થયો છે, જે જાન્યુઆરીમાં 1.81 ટકાનો હતો.

બીએસઇ સેન્સેક્સ 938.93 પોઇન્ટ એટલે કે 1.23 ટકા સુધરીને 75502.85 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ્ 75500 પોઇન્ટની ઉપર બંધ રહેવામાં સફળ રહ્યું હતું. ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 75805 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નાચમાં 73949 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 257.70 પોઇન્ટ એટલે કે 1.11 ટકા વધીને 23400 પોઇન્ટની સપાટી કુદાવીને 23408.80 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23500ની સપાટી કુદાવીને 23502 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23000 પોઇન્ટની સપાટી તોડીને 22955 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 655.55 પોઇન્ટ એટલે કે 1.22 ટકા વધીને 54513.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ ઝેડએફ કોર્મશીયલ વ્હીકલ 13.44 ગણા, મન્નાપુરમ ફાઇ. 5.92 ગણા, મેરીકો લિ. 4.43 ગણા, આઇડીબીઆઇ બેન્ક 3.88 ગણા, નવીન ફલોરીન 3.69 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે આઇટીઆઇ લિ. 197.38 ગણા, ફાઇઝર લિ. 6.14 ગણા, આઇડીબીઆઇ બેન્ક 5.48 ગણા, થર્મેક્સ 5.04 ગણા અને મેગ્લોર રિફાઇનરી 4.91 ગણા કામકાજ નોંધાયા છે.

જોકે, ફ્રન્ટલાઇન શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટમાં નિરસ વલણ જોવા મળ્યું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.42 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.47 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. આમ છતાં, માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. બીએસઇ ખાતે 1505 શેરો વધ્યા હતા, જ્યારે 2862 શેરો ઘટયા હતા અને 170 શેરો યથાવત રહ્યા હતા.

છેલ્લા ત્રણથી ચાર સેશનથી સતત ઘટી રહેલા ઓટો સેકટરમાં આજે રીકવરી જોવા મળી હતી. નિફ્ટી ઓટો ઇન્ડેક્સ 1.67 ટકા સુધર્યો હતો. જેમાં મહિન્દ્રા-મહિન્દ્રા, બજાજ ઓટો, ટીવીએસ મોટર, આઇશર મોટર, મારૂતિ, હીરો મોટો, ભારત ફોર્જ, અશોક લેલેન્ડ, બોશ અને સોના બીએલડબ્લ્યુ પ્રીસીસન સુધર્યા હતા.

વૈશ્વિક સ્તરે મીડલ ઇસ્ટનો તણાવ ચાલુ હોવાથી ક્રુડ ઓઇલના ભાવમાં વધઘટે રોકાણકારોમાં ચિંતાના વાદળો ઘેરાયેલા હતા, જેના પરિણામે યુરોપિયન બજારોમાં ઘટાડાની ચાલ સાથે ખુલ્યા હતા અને મીડ સેશનમાં મિશ્ર ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું.

અમેરિકાની સરકાર તેહરાનના ખાર્ગ ટાપુ પર લશ્કરી હુમલાની શક્યતાએ ક્રુડ ભાવ 100 ડોલરની ટોચ પર પબોંચી ગયા હતા. જે વ્યૂહાત્મક રીતે મહત્વપુર્ણ હબ છે અને ઇરાનના તેલ લાઇફલાઇન તરીકે ઓળખાય છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.19 ટકા અને ડેક્સ 0.09 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.33 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.21 ટકા, તાઇવાન 0.17 ટકા, જકાર્તા 1.64 ટકા અને શાંઘાઇ 0.26 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.54 ટકા, હેંગસેંગ 1.35 ટકા અને કોસ્પી 1.13 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો નજીવો સુધર્યો

છેલ્લા કેટલાક સેશનથી કરન્સી બજારમાં રૂપિયો નવી ઐતિહાસિક નીચી સપાટી બનાવી રહી છે, ત્યારે આજે શેરબજારમાં રીકવરી થતા રૂપિયામાં નજીવો સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 4 પૈસા સુધરીને 92.42ના સ્તરે બંધ રહ્યો હતો, જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.46ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.22, પાઉન્ડ 123.22, કેનેડિયન ડોલર 67.45, ઓસ્ટ્રેલિયન ડોલર 64.69, જાપાનીઝ યેન 0.5804, સીંગાપોર ડોલર 72.20ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	92.42 રૂ.
યુરો	106.22 રૂ.
પાઉન્ડ	123.22 રૂ.
યેન	0.5804 રૂ.

સેન્સેક્સ	938.93	75502.85
નિફ્ટી	257.70	23408.80
બેન્ક નિફ્ટી	655.55	54413.40

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અલ્ટ્રાટેક સિમેન્ટ	4.55	11099.00
મહિન્દ્રા-મહિન્દ્રા	3.58	3036.10
ગ્રાસીમ ઇન્ડ.	3.34	2654.40
ટ્રેન્ટ	3.11	3586.10
ઇટર્નલ	2.95	222.04

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બીઇએલ	2.25	429.50
મેક્સ હેલ્થકેર	1.96	970.60
કોલ ઇન્ડિયા	1.43	460.30
ઓએનજીસી	1.38	260.45
ડો. રેડ્ડીઝ લેબ	1.19	1276.90

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અલ્ટ્રાટેક સિમેન્ટ	4.22	11054.75
ટ્રેન્ટ	3.01	3595.45
એચડીએફસી બેન્ક	2.88	640.50
મહિન્દ્રા-મહિન્દ્રા	2.86	3035.70
ઇટર્નલ	2.80	222.05

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બીઇએલ	2.32	429.40
સન ફાર્મા	1.25	1778.00
પાવરગ્રીડ	0.98	297.75
ભારતી એરટેલ	0.82	1788.90
એનટીપીસી	0.59	382.20

રાક્ષસી વિમાનવાહક જહાજ અબ્રાહમ લિંકનને ડુબાડીને ઈરાન અમેરિકાનું નાક કાપવા માગે છે

ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) નેવીએ દાવો કર્યો છે કે તેની બેલિસ્ટિક મિસાઇલો અને ડ્રોને અમેરિકાના રાક્ષસી વિમાનવાહક જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન પર સચોટ હુમલો કર્યો હતો. આ હુમલો ઈરાનની દરિયાઈ સરહદથી લગભગ ૩૪૦ કિલોમીટર દૂર ઓમાનના સમુદ્રમાં થયો હતો. ઈરાની મીડિયાએ અહેવાલ આપ્યો છે કે હુમલા પછી અમેરિકન જહાજ અને તેનું સ્ટ્રાઈક ગ્રુપ તે વિસ્તાર છોડીને ભાગી ગયાં હતાં. IRGC એ દાવો કર્યો હતો કે જહાજ હવે કાર્યરત નથી. ઈરાને તેને તેની લશ્કરી શક્તિના પ્રદર્શન તરીકે વર્ણવ્યું હતું. અમેરિકન અધિકારીઓએ કહ્યું કે ઈરાનના દાવાઓ ખોટા છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ X પર પોસ્ટ કર્યું હતું કે અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ ઓપરેશન એપિક ફ્યુરીના ભાગ રૂપે સમુદ્રમાંથી શક્તિનો પોતાનો પ્રોજેક્ટ ચાલુ રાખે છે. સેન્ટકોમે અબ્રાહમ લિંકન જહાજનો ફોટો શેર કર્યો હતો અને કહ્યું હતું કે તે સંપૂર્ણપણે કાર્યરત છે અને સામાન્ય કામગીરી કરી રહ્યું છે.

અમેરિકાનું અબ્રાહમ લિંકન જહાજ પાણીમાં તરતા વિરાટ લશ્કરી અડ્ડા સમાન છે. તેનું વજન આશરે એક લાખ મેટ્રિક ટન છે અને તેને બનાવવા પાછળ ૬ અબજ ડોલરનો ખર્ચો કરવામાં આવ્યો છે. જો ઈરાનનું લશ્કર ખરેખર અબ્રાહમ લિંકનને ફૂંકી મારવામાં સફળ થાય તો અમેરિકાનું નાક કપાઈ જાય અને ઈરાનને યુદ્ધમાં જબરદસ્ત સફળતા મળે તેમ છે. લશ્કરી વ્યૂહરચનાકારો માને છે કે અબ્રાહમ લિંકનને ખતમ કરવાથી ઈરાનને સૈદ્ધાંતિક રીતે ગલ્ફ ક્ષેત્રમાં પશ્ચિમી પ્રભુત્વને નિયંત્રિત કરવામાં સફળતા મળી શકે તેમ છે. ૯૦ જેટલાં લડાયક વિમાનો અને હેલિકોપ્ટર ધરાવતું આ યુદ્ધ જહાજ એક પ્રચંડ હરતાંફરતાં મિલિટરી બેઝ તરીકે સેવા આપે છે. યુદ્ધના પ્રારંભમાં અમેરિકાએ તહેરાન ઉપર હવાઈ હુમલો કરીને આયાતોલ્લાહ ખામેનીની હત્યા કરી તે હુમલો પણ અબ્રાહમ લિંકન પરથી ઉડાન ભરનારાં વિમાનો દ્વારા જ કરવામાં આવ્યો હતો. આ જહાજ પર હુમલો કરવાથી અમેરિકા મધ્ય પૂર્વમાં મહત્ત્વપૂર્ણ આક્રમણ ક્ષમતાઓથી વંચિત થઈ શકે છે.લગભગ ૫,૬૦૦ ખલાસીઓના કાફલા સાથે કાર્યરત આ વિમાનવાહક જહાજ સમુદ્રમાં ગીચ વસ્તીવાળા શહેર તરીકે કાર્ય કરે છે. આ જહાજ હોર્મુઝ સ્ટ્રેટ નજીક પેટ્રોલિંગ કરે છે, જે વૈશ્વિક તેલના લગભગ ૨૦ ટકાનું સંચાલન કરે છે. આટલા મોટા યુદ્ધ જહાજને ખતમ કરવાથી IRGCને આંતરરાષ્ટ્રીય ઊર્જા બજારો અને શિપિંગ માર્ગો પર અભૂતપૂર્વ નિયંત્રણ મળી શકે છે. પરમાણુ સંચાલિત વિમાનવાહક જહાજને ડૂબાડવું અત્યંત મુશ્કેલ છે, પરંતુ માત્ર ધમકી જ વ્યૂહાત્મક ગોઠવણો કરવાની ફરજ પાડે છે. વિશ્લેષકો સૂચવે છે કે અબ્રાહમ લિંકનને સફળતાપૂર્વક નિશાન બનાવવાથી આધુનિક નૌકાદળ યુદ્ધ અને પ્રાદેશિક સુરક્ષામાં ઐતિહાસિક પરિવર્તન આવશે.

USS અબ્રાહમ લિંકનનો હલ નંબર CVN-૭૨ છે. હલ નંબર એ એક અનન્ય ઓળખ કોડ છે, જે જહાજના પ્રકાર અને તેની અનન્ય ઓળખ દર્શાવે છે. USS અબ્રાહમ લિંકને નવેમ્બર ૧૯૮૯ માં અમેરિકન નેવીમાં તેની સેવા શરૂ કરી હતી. તે પરમાણુ સંચાલિત વિમાનવાહક જહાજોની શ્રેણીમાં પાંચમું જહાજ છે. તે નિમિટ્ઝ-ક્લાસ એરક્રાફ્ટ કેરિયર છે. અબ્રાહમ લિંકન આશરે ૩૩૩ મીટર લાંબું વિશ્વના સૌથી મોટાં યુદ્ધજહાજોમાંનું એક છે. તે બે વેસ્ટિંગહાઉસ A4W પરમાણુ રિએક્ટર દ્વારા સંચાલિત છે, જે ચાર સ્ટીમ ટર્બાઇન ચલાવે છે અને આશરે ૨,૬૦,૦૦૦ હોર્સપાવર ઊર્જા ઉત્પન્ન કરે છે. આ રિએક્ટર ૨૦ વર્ષથી વધુ સમય સુધી રિફ્યુઅલિંગ વિના કાર્ય કરી શકે છે, જે એરક્રાફ્ટ કેરિયરને વાસ્તવિક રીતે અમર્યાદિત આયુષ્ય આપે છે. તેને ફક્ત તેના સૈનિકોની અને ફાઇટર જેટ માટે પુરવઠો અને જોગવાઈઓની ડિલિવરીની જરૂર પડે છે.

અમેરિકાએ ઈરાન વિરુદ્ધના હવાઈ હુમલામાં ભાગ લેવા માટે બે વિમાનવાહક યુદ્ધ જહાજો તૈનાત કર્યાં છે. યુએસએસ અબ્રાહમ લિંકન કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ ૩ નું મુખ્ય જહાજ છે. આ નૌકાદળ જૂથમાં સામાન્ય રીતે ગાઈડેડ-મિસાઈલ ક્રુઝર, ડિસ્ટ્રોયર અને સબમરીન હોય છે. તેમની સંયુક્ત તાકાત કોઈ નાના રાષ્ટ્રની લશ્કરી શક્તિ જેટલી હોય છે. આ જહાજ ૯૦ જેટલાં વિવિધ પ્રકારનાં વિમાનો લઈ જઈ શકે છે, જેમાં ફાઇટર જેટ, પ્રારંભિક ચેતવણી વિમાન, ઇલેક્ટ્રોનિક યુદ્ધ વિમાન અને હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે. આ અમેરિકન એરક્રાફ્ટ કેરિયરનો મધ્ય પૂર્વ સાથે લાંબો અને વિવાદાસ્પદ સંબંધ રહ્યો છે. ૨૦૦૧ થી તેણે ઓપરેશન એન્ડ્યુરિંગ ફ્રીડમને ટેકો આપ્યો હતો. ૨૦૦૩ માં આ જહાજ અમેરિકાના લશ્કરી ઇતિહાસમાં સૌથી વધુ ચર્ચિત ક્ષણોમાંની એકનું સાક્ષી બન્યું હતું. તત્કાલીન રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ. બુશ તેના ડેક પર ઊતર્યા હતા અને તેમણે ''મિશન પૂર્ણ થયું'' લખેલાં બેનર નીચે ઊભા રહીને ઇરાકમાં મોટી લડાઇ કામગીરીનો અંત જાહેર કર્યો હતો. જો કે, અમેરિકાનું ઇરાક સાથેનું યુદ્ધ પછી ઘણાં વર્ષો સુધી ચાલુ રહ્યું હતું.

યુએસએસ અબ્રાહમ લિંકનનું બાંધકામ ૩ નવેમ્બર, ૧૯૮૪ ના રોજ ન્યુપોર્ટ ખાતે શરૂ કરવામાં આવ્યું હતું. ચાર વર્ષથી ઓછા સમય પછી જહાજનું નામકરણ કરવામાં આવ્યું હતું અને તેને ૧૧ નવેમ્બર, ૧૯૮૯ ના રોજ નોર્ફોક ખાતે કાર્યરત કરવામાં આવ્યું હતું. સ્વીકૃતિ પરીક્ષણો પછી અબ્રાહમ લિંકન જહાજ સપ્ટેમ્બર ૧૯૯૦ માં નોર્ફોકથી રવાના થયું હતું અને દક્ષિણ અમેરિકાની આસપાસ ફર્યું હતું અને પછી કેલિફોર્નિયાના અલામેડા પહોંચ્યું હતું.

મે ૧૯૯૧ માં લિંકનની ગોઠવણ ઇરાક દ્વારા કુવૈત પરના આક્રમણના પ્રતિભાવમાં હતી, પરંતુ ફિલિપાઇન્સના પ્રજાસત્તાકના લુઝોન ટાપુ પર માઉન્ટ પિનાટુબો જ્વાળામુખી ફાટી નીકળ્યા પછી લોકોને ખાલી કરાવવાની કામગીરીને ટેકો આપવા માટે તેને ફિલિપાઇન્સ તરફ વાળવામાં આવ્યું હતું. ઓપરેશન ફાયરી વિજિલ સક્રિય ફરજ બજાવતા લશ્કરી કર્મચારીઓ અને પરિવારના સભ્યોનું શાંતિ સમયનું સૌથી મોટું સ્થળાંતર બન્યું હતું. અબ્રાહમ લિંકને ત્રણ મહિના માટે ઓપરેશન ડેઝર્ટ સ્ટોર્મમાં કુવૈત અને ઇરાક પર હવાઈ હુમલા માટે હવાઈ પેટ્રોલિંગ, જાસૂસી અને સહાય પૂરી પાડી હતી. જૂન ૧૯૯૩માં અબ્રાહમ લિંકનને ઓપરેશન સધર્ન વોચના સમર્થનમાં અરબી ગલ્ફમાં તૈનાત કરવામાં આવ્યું હતું, જે દક્ષિણ ઇરાક પર નો ફ્લાય ઝોન ના યુનો દ્વારા મંજૂર કરાયેલા અમલીકરણ માટે હતું. ઓક્ટોબર ૧૯૯૩માં અબ્રાહમ લિંકનને યુનોની માનવતાવાદી કામગીરીમાં મદદ કરવા માટે સોમાલિયાના દરિયાકાંઠે જવાનો આદેશ આપવામાં આવ્યો હતો. એપ્રિલ ૧૯૯૫માં અબ્રાહમ લિંકન ઓપરેશન સધર્ન વોચ અને વિજિલન્ટ સેન્ટીનેલને ટેકો આપવા માટે ફરીથી અરબી ખાડીમાં તૈનાત થયું હતું. જૂન ૧૯૯૮ માં અબ્રાહમ લિંકને ઓપરેશન સધર્ન વોચના સમર્થનમાં તેની ચોથી જમાવટ શરૂ કરી હતી. ઓગસ્ટ ૨૦૦૦ માં આ જહાજ અરબી ખાડીમાં તેની પાંચમી જમાવટ પર કેરિયર એર વિંગ ૧૪ સાથે રવાના થયું હતું. અબ્રાહમ લિંકને ઓપરેશન સધર્ન વોચના સમર્થનમાં સ્ટેશન પર ૧૦૦ થી વધુ દિવસ વિતાવ્યા હતા.

જુલાઈ ૨૦૦૨ માં અબ્રાહમ લિંકનને ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ ની આતંકવાદી ઘટનાઓ પછી અજાણ્યા વિશ્વમાં પણ પરિચિત પાણીમાં તૈનાત કરવામાં આવ્યું હતું.

અબ્રાહમ લિંકને ઓપરેશન્સ એન્ડ્યુરિંગ ફ્રીડમ અને સધર્ન વોચના સમર્થનમાં અરબી ગલ્ફમાં ફરજો સંભાળી હતી. ત્યાર બાદ ઓપરેશન સધર્ન વોચ અને ઇરાકી ફ્રીડમને વધુ ટેકો આપવા માટે જહાજની તૈનાતી લંબાવવામાં આવી હતી, કારણ કે અમેરિકાનાં દળોએ ઇરાક પર કબજો કર્યો હતો. આ મેરેથોન તૈનાતી મે ૨૦૦૩ માં તત્કાલીન રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ. બુશની ઐતિહાસિક મુલાકાત સાથે સમાપ્ત થઈ, જેમાં જહાજને તેની મિશન સિદ્ધિ માટે અભિનંદન આપવામાં આવ્યા હતા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુંકી પોઇન્ટ
સમકિત શાહ

અબ્રાહમ લિંકન જહાજ પાણીમાં તરતા વિરાટ લશ્કરી અડ્ડા સમાન છે. તેનું વજન આશરે એક લાખ મેટ્રિક ટન છે અને તેને બનાવવા પાછળ ૬ અબજ ડોલરનો ખર્ચો કરવામાં આવ્યો છે

દુબઈના શેરબજારમાં ભૂકંપ: એક મહિનામાં 21 ટકા તૂટયો

16 માર્ચે દુબઈ ફાઇનાન્સિયલ માર્કેટ ઇન્ડેક્સ 3.2% ઘટ્યો; ટોચથી 21% નીચે સરકતા બજારમાં મંદી જાહેર

નવી દિલ્હી, તા. 16: મધ્યપૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે ગલ્ફ દેશોના શેરબજારો પર પણ સ્પષ્ટ દેખાઇ રહી છે. ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે વધી રહેલા સંઘર્ષ વચ્ચે દુબઈના શેરબજારમાં ભારે ઘટાડો થયો છે. દુબઈ ફાઇનાન્સિયલ માર્કેટ જનરલ ઇન્ડેક્સ 16 માર્ચે લગભગ 3.2 ટકા ઘટ્યો હતો. આ ઘટાડા સાથે, ઇન્ડેક્સ હવે તેની ઊંચી સપાટીથી લગભગ 21 ટકા નીચે છે.

સામાન્ય રીતે, જ્યારે કોઈ ઇન્ડેક્સ તેની ટોચથી 20 ટકા અથવા તેથી વધુ તૂટી જાય છે, ત્યારે તેને મંદીનું બજાર માનવામાં આવે છે.

મધ્ય પૂર્વમાં વધતા તણાવથી ઊર્જા, શિપિંગ, રિયલ એસ્ટેટ અને પર્યટન સહિતના ઘણા ઉદ્યોગોને અસર થઈ છે. અમેરિકા અને ઇઝરાયલે ઈરાન પર હુમલો કર્યા બાદ ઇરાને જવાબી કાર્યવાહીમાં ખાડીના અનેક શહેરોને નિશાન બનાવ્યા હતા. આનાથી સમગ્ર પ્રદેશમાં અસ્થિરતામાં વધારો થયો છે. યુદ્ધે સમગ્ર મધ્ય પૂર્વમાં મુસાફરીને અસર કરી છે અને દરિયાઇ માર્ગો પર ખતરો વધતા ક્રુડના ભાવમાં પણ વધારો થયો છે. યુદ્ધ હવે તેના ત્રીજા અઠવાડિયામાં પ્રવેશ્યું છે અને દુબઈની છબીને પણ પડકાર આપી રહ્યું છે, જે લાંબા સમયથી સુરક્ષિત અને ઝડપથી વિકસતા આર્થિક કેન્દ્ર તરીકે વિકસિત હતું.

દુબઈની રિયલ એસ્ટેટ કંપનીઓના શેરમાં યુદ્ધ શરૂ થયા બાદ સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. ઈમાર પ્રોપર્ટીઝના શેરમાં લગભગ 34 ટકાનો ઘટાડો થયો છે. તે જ સમયે, ઈમાર ડેવલપમેન્ટના શેરમાં લગભગ 35 ટકાનો ઘટાડો થયો છે.

જો કે, યુદ્ધ શરૂ થાય તે પહેલાં, દુબઈનું શેરબજાર મજબૂત વૃદ્ધિના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું હતું. અ બજારમાં પણ તેજી જોવા મળી હતી. જેના મુખ્ય કારણો વપરાશમાં વધારો, પર્યટનમાં તેજી, રિયલ એસ્ટેટની તેજી અને નાણાકીય સેવાઓ ક્ષેત્રનું વિસ્તરણ હતું.

કામકો ઇન્વેસ્ટમેન્ટ કંપનીના રિસર્ચ એન્ડ સ્ટ્રેટેજીના વડા જુનૈદ અન્સારી કહે છે કે માર્કેટમાં આ ઘટાડો પહેલાથી જ અપેક્ષિત હતો અને લગભગ તમામ સેક્ટરમાં સર્વાંગી વેચાણ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે આ ઘટાડો મુખ્યત્વે પ્રદેશની ભૌગોલિક રાજકીય પરિસ્થિતિને પ્રતિબિંબિત કરે છે. જોકે, તેમનું માનવું છે કે જ્યારે પરિસ્થિતિ સામાન્ય થાય છે, ત્યારે નીચલા સ્તરે રોકાણકારો માટે ખરીદીની સારી તકો મળી શકે છે. દરમિયાન, દુબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પણ પરિસ્થિતિ સામાન્ય નથી.

ફિનો પેમેન્ટ્સ બેન્કમાં કડાકો

CEO ઋષિ ગુપ્તાની GST ચોરીના આરોપમાં ધરપકડ બાદ શેર 16% તૂટ્યો

મુંબઈ, તા. 16: ફિનો પેમેન્ટસ બેન્ક ખુલાસો કર્યો હતો કે, તેના એમડી અને સીઇઓ ઋષિ ગુપ્તાની 27મી ફેબ્રુઆરીના રોજ હૈદરાબાદમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઇન્ટેલિજન્સ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. કેન્દ્રીય જીએસટી એક્ટ, 2017 અને સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ, 2017ની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

જેમાં કેટલાક ગેમીંગ ટ્રાન્ઝેકશન ઇડીની તપાસમાં બહાર આવી શકે તેમ છે અને સીઇઓની ધરપકડ બાદ રોકાણકારોમાં ચિંતા વધી હતી અને આ અહેવાલની પાછળ ટ્રેડિંગ દરમ્યાન ફિનો પેમેન્ટ બેન્કના શેરમાં 16 ટકાનો ગાબડું પડ્યું હતું, અને જે બાવન વીકની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ફિનો પેમેન્ટ બેન્કમાં પ્રમોટર્સ 75 ટકા હિસ્સો ધરાવે છે.

જોકે, શેરમાં ઘટાડા વચ્ચે, બેંકે સ્પષ્ટતા જારી કરીને કહ્યું હતું કે અન્ય કોઇ એજન્સી દ્વારા તેની તપાસ કરવામાં આવી રહી નથી. બેંકે કહ્યું કે હાલમાં તપાસ માત્ર ડીજીજીઆઇ (હૈદરાબાદ) દ્વારા કરવામાં આવી રહી છે અને આ તપાસ કેટલાક પ્રોગ્રામ મેનેજરો અને વેપારીઓ સાથે સંબંધિત છે. બેંકે એમ પણ કહ્યું હતું કે કોર્ટે જામીન અરજી ફગાવી દીધી હોવાના મીડિયા અહેવાલો ખોટા છે.

ફિનો પેમેન્ટ્સ બેંકે તેના નિવેદનમાં સ્પષ્ટતા કરી છે કે તે કોઇપણ પ્લેટફોર્મ, વેબસાઇટ અથવા ચેનલ દ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ગેમિંગ અથવા સટ્ટાબાજીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતી નથી.

બેંકે મીડિયા અહેવાલોને પણ નકારી કાઢ્યા હતા કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ તપાસ થઇ શકે છે. બેંકના જણાવ્યા અનુસાર, આવા અહેવાલો તથ્યપૂર્ણ અને સટ્ટાકીય છે.

દરમિયાન, બેંકે તાજેતરમાં કહ્યું હતું કે તેના ડિપોઝિટ બેલેન્સમાં વધારો થયો છે. 13 માર્ચ, 2026 સુધીમાં, બેંકની કુલ થાપણો લગભગ 9 ટકા વધીને લગભગ 2900 કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચી ગઇ છે.

બે ગ્રુપ દ્વારા હિસ્સેદારી ખરીદવાના અહેવાલે વોડાફોન આઈડિયા ઉછળ્યો

જેએસડબલ્યુ ગ્રુપ અને સિંગાપોરની ST ટેલિમીડિયા હિસ્સો ખરીદે તેવી શક્યતા

મુંબઈ, તા. 16: વોડાફોન આઈડિયા કે જે છેલ્લા કેટલાક વર્ષોથી સમસ્યા અને પડકારોનો સામનો કરી રહી હતી, જેમાં ધીમે ધીમે બહાર નીકળી રહી હોવાની સંભાવના દેખાઈ રહી છે. હાલમાં સૌથી મોટા શેરહોલ્ડર સરકાર છે, છતાં કંપની પુનઃ સ્થાન મેળવવા માટે પ્રયાસ કરી રહી છે, જેમાં સીંગાપોરની એસટી ટેલીમીડિયા અને જેએસડબલ્યુ જુથ આ કંપનીમાં હિસ્સેદારી ખરીદશે તેવા અહેવાલોની પાછળ આજે વોડાફોન આઈડિયામાં ઉછાળો આવ્યો હતો. જોકે, આ વાતચીત શરૂઆતી તબક્કામાં છે અને તે નિશ્ચિત નથી કે સોદો થશે. જોકે, કંપની સંદર્ભમાં સારી બાબત એ છે કે કંપની ખોટ કરી રહી હોવા છતાં નવા રોકાણકારો રસ દાખવી રહી છે. ભારત સરકારે આ વર્ષની શરૂઆતમાં કંપનીને મોટી નાણાકીય સહાય આપી હતી અને હવે તે તેની સૌથી મોટી શેરહોલ્ડર છે. કંપની એક સાથે ઘણા સંભવિત રોકાણકારો સાથે વાતચીત કરી રહી છે. આ માટે, કંપનીનું મેનેજમેન્ટ 16 અને 17 માર્ચે સીંગાપોર અને હોંગકોંગમાં સંસ્થાકીય રોકાણકારોને પણ મળશે અ સંભવિત રોકાણની તકો પર ચર્ચા કરશે.

આઈઆઈએફએલ સિક્યોરિટીઝના અંદાજ મુજબ, જો કોઇ રોકાણકાર વોડાફોન આઈડિયામાં 50 હજાર કરોડ રૂપિયાનું નવું ઈક્વિટી રોકાણ કરે છે, તો ભારત સરકાર કંપનીના બાકી સ્પેક્ટ્રમના 48 હજાર કરોડ રૂપિયાને શેરમાં રૂપાંતરિત કરી શકે છે, તેના હિસ્સામાં 49 ટકાથી વધુનો વધારો કર્યા વિના. આ પગલાથી વોડાફોન આઈડિયાના સ્પેક્ટ્રમ ડેટમાં પણ લગભગ 40 ટકાનો ઘટાડો થશે.

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ''	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/ક્રેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧